વિદ્યા, વિનય, વિચાર, વાણી અને વર્તનનો સમન્વય એટલે...

PANCHSHIL

અંક : 136 | વર્ષ : 13 | માર્ચ : 2025 | પેઈઝ : 45

સંપાદક : ડૉ. ડી. કે. વાડોદરિયા | સંયોજક : સાક્ષી વાડોદરિયા

શિવનગર મેઈન રોડ, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ. | મો: 8866110011
web: www.panchshilschool.edu.in | Email: info@panchshilschool.edu.in

ઘાસનો રંગ... લાલ!!

એકવાર એક જંગલમાં એક ગધેડો અને વાઘ સામ–સામે આવી ગયા.
ગધેડાએ વાઘને કહ્યું કે આ ઘાસની જેમ કેમ લાલઘૂમ થઈને ફરો છો.
વાઘે કહ્યું ઘાસ લાલ નથી તે લીલું છે.
આથી ગધેડાએ કહ્યું ના ઘાસ લાલ જ છે તમને ખબર ન પડે ?
વાઘે કહ્યું ઘાસ લીલા રંગનું છે.
પણ ગધેડો માન્યો જ નહીં. આથી વાઘને ગુસ્સો આવ્યો તે વધારે જોરથી બોલ્યો ઘાસનો રંગ લીલો છે.
પણ ગધેડો માન્યો જ નહીં એટલે આ ઘાસના રંગનો પ્રશ્ન જંગલના રાજા સુધી લઈ જવાનું નકકી થયું.
ઘાસનો રંગ કયો ? આ પ્રશ્ન લઈ ગધેડો અને વાઘ જંગલના રાજા સિંહના દરબારમાં ગયા.
રાજાએ કહ્યું બોલો શું સમસ્યા છે ?

એટલે ગધેડો બોલ્યો, મહારાજ આ ઘાસનો કલર લાલ છે છતાં આ વાઘભાઈ માનવા તૈયાર જ નથી. તેઓ ઘાસને લીલા રંગનું કહે છે. ! હવે તમે જ કહો કે ઘાસનો રંગ કયો છે ?

થોડો વિચાર કર્યા પછી રાજાએ કહ્યું કે ગધેડો સાચો છે. ઘાસનો રંગ લાલ જ છે. આવા ફાલતું પ્રશ્નોથી રાજાના દરબારનો સમય બરબાદ કરવા બદલ વાઘને એક વર્ષ માટે જંગલમાંથી બહાર રહેવાની સજા ફટકારવામાં આવે છે.

આ સાંભળી ગધેડો તો ખુશ થઈ ગયો અને રાજાની જય બોલાવતો ત્યાંથી ચાલ્યો ગયો. પણ વાઘ ત્યાં જ ઊભો રહ્યો અને રાજાને કહ્યું કે મને સજા કબૂલ છે પણ હકીકત એ જ છે કે ઘાસનો રંગ લીલો જ છે !

આ સાંભળી રાજાએ કહ્યું કે મને પણ ખબર છે કે ઘાસનો રંગ લીલો જ છે....!
આથી વાઘે કહ્યું તો હું સાચો હોવા છતાં મને સજા કેમ કરવામાં આવી ?
આ સાંભળી જંગલના રાજા સિંહે જે કહ્યું તેમાં એક સુંદર બોધ છે....!

સિંહે કહ્યું કે ઘાસ તો લીલા રંગનું જ છે પણ તારો વાંક એટલો જ છે કે તે ગધેડા જોડે ચર્ચામાં ઉતરી તારો સમય બરબાદ કર્યો....

ભારતમાં જોવા જેવું
તેલંગાણાનો ગોલકોન્ડાનો પ્રાચીન કિલ્લો

ભારતના પ્રાચીન કિલ્લાઓમાં ગોલકોન્ડાનો કિલ્લો સમૃદ્ધિ અને ભવ્યતાનું પ્રતીક છે. ગોલકોન્ડા એટલે ગોળાકાર ટેકરી મોગલ અથવા તો ગોવાળિયાની ટેકરી. મોગલ કાળમાં કુતુબશાહીના શાસનકાળમાં સોળમી સદીમાં આ કિલ્લો બંધાવેલો. આ કિલ્લાની તિજોરીમાં વિશ્વપ્રસિદ્ધ કોહીનૂર, દરિયાએનૂર અને હીપડાયમંડ જેવા હીરા સચવાયેલા હતા. ગોલકોન્ડાનો કિલ્લો ૧૨૦ મીટર ઊંચી ગોળાકાર ટેકરી પર બંધાયેલો છે. મૂળ કિલ્લો કાકરિયા વંશના રાણી રૂદ્રમાદેવીએ બંધાવેલો. બહમની સુલતાનોએ તે કબજે કરી નવું રૂપ આપેલું. કિલ્લાની ફરતે ૧૦ કિલોમીટર લાંબી દીવાલ છે. સંકુલમાં કુલ ૪ કિલ્લા છે. દીવાલ ઉપર ૮૭ બૂરજ છે અને આઠ દરવાજા છે. તેમાં ફતેહ દરવાજો સૌથી મોટો અને વિશાળ છે. કિલ્લાનું એન્જિનિયરિંગ અદ્‌ભૂત છે. તેના મુખ્ય હોલમાં ગુંબજની નીચે ઊભા રહી તાળી પાડો તો તેના પડઘા એક કિલોમીટર દૂર સૌથી ઊંચાઈએ આવેલા 'બાલા હિસાર' હોલમાં સ્પષ્ટ સંભળાય છે. કિલ્લામાં 'રાહબાન' પણ જોવા જેવી છે. આ કિલ્લામાંથી ગુપ્ત ભોંયરુ છે જે ચાર મિનાર સુધી લાબું હોવાની માન્યતા છે. કિલ્લામાં દરબાર હોલ, નગિના બાગ, સ્નાનાગાર, તબેલો, તારામતી મસ્જિદ, હબશી કમાન વગેરે બાંધકામો જોવા જેવા છે.

કોઈપણ છોડમાં લીલા રંગનું ફૂલ કેમ નથી હોતું ?

વનસ્પતિના પાન, ફૂલ, ડાળી અને ફળો તેમાં રહેલા દ્રવ્યકણો અનુસાર રંગના હોય છે. પાનમાં લીલા રંગનું કલોરોપાસ્ટ હોવાથી લીલા હોય છે. વનસ્પતિના બધા ભાગોને રંગ આપવાનો હેતુ જુદો જુદો છે. પાન સૂર્ય પ્રકાશમાંથી ખોરાક બનાવવાનું કામ કરે છે એટલે લીલાં છે. પરંતુ ફૂલોને તો સુંદર બની પતંગિયા અને કિટકોને આકર્ષવાના હોય છે એટલે પાન કરતાં જુદો અને અલગ તરી આવે એવો રંગ જરૂરી છે.

એટલે જ ફૂલો તેજસ્વી લાલ, પીળા અને સફેદ હોય છે. લીલા હોતા નથી. થોડીક વનસ્પતિના ફૂલો લીલા પણ જોવા મળે છે.

વોશિંગ મશીનમાં કપડાં કેવી રીતે ધોવાય છે ?

કપડાં ધોવા માટેનું વોશિંગ મશીન તો તમે જોયું જ હશે. એક મોટી પેટી જેવા યંત્રમાં પાણી, સાબુ કે ડીટર્જન્ટનો પાવડર તેમજ કપડાં નાખી દો એટલે એ મશીન આપોઆપ કપડાને સાબુ લગાડી ચોળી, નીચોવી અને સુકવી પણ આપે. આ બધુ તેમાં કઈ રીતે થાય છે તે જાણો છો ? બહારથી સામાન્ય પેટી જેવું લાગતુ વોશિંગ મશીન વજનમાં ખૂબ ભારે હોય છે કારણ કે તેમાં કપડાંને ઝડપથી ફેરવવા માટેની મોટર અને પાણીના નિકાલ માટે અનેક નળીઓ હોય છે.

આખું મશીન વીજપ્રવાહથી ચાલે છે. મશીનની ઉપરના ભાગે જુદી જુદી સ્વીચ હોય છે. જે આપણી અનુકૂળતા પ્રમાણે કામ કરે છે. ધોવા માટેની કપડાની સંખ્યા, પાણીનું પ્રમાણ વગેરેના પ્રમાણમાં જુદી–જુદી ક્ષમતામાં તે કામ કરે છે. સાબુવાળા પાણીમાં પડેલા કપડાને આ મશીન ઝડપથી ચક્રાકારે ઘૂમાવે છે. એટલે કપડાં ચોળાય છે. અને તેમનો મેલ છૂટો પડે છે. થોડીવાર આ પ્રક્રિયા ચાલ્યા બાદ મશીનમાંના પાણી નિકાલ થઈ જાય છે અને મશીન ફરીથી ભીના કપડાને ઘૂમાવે છે કે જેથી રહ્યું સહ્યું પાણી પણ નીકળી જાય. તે પાણી નીકળી ગયા પછી ફરીવાર ઘુમાવવાથી કપડાં અર્ધા સૂકાઈ જાય છે જેને બહાર કાઢયા બાદ થોડી વાર સૂકવવાની જ જરૂર રહે છે. આમ વોશિંગ મશીન ગૃહિણીઓના પરિશ્રમ અને સમયનો બચાવ કરે છે.

વોશિંગ મશીન અનેક પ્રકારના હોય છે અને દરેકની રચના અને કાર્ય પદ્ધતિમાં થોડો ઘણો ફેર હોય છે. પરંતુ તમામ મશીન એક જ સિદ્ધાંત પર કામ કરતાં હોય છે.

દાંતના આકાર અને ઉપયોગ



સજીવોમાં ખોરાક મેળવવા અને તે ગ્રહણ કરી પેટમાં ઉતારવામાં દાંતની મુખ્ય ભૂમિકા છે. સસ્તન પ્રાણીઓમાં દાંત મહત્વનું અંગ છે. ડાયનોસોરનો અભ્યાસ તેના દાંતના આકાર અને કદ ઉપર આધારિત હોય છે. દરેક પ્રાણીઓમાં દાંતનો આકાર અને કદ તેના ઉપયોગ પર આધારિત હોય છે. મનુષ્યના જડબામાં ઉપર અને નીચે ૧૬–૧૬ મળીને કુલ ૩૨ દાંત હોય છે. દરેક દાંતનો આકાર જુદો જુદો હોય છે. તેનો પણ ચોક્કસ હેતુ છે. મનુષ્યના દાંતનો ચહેરાને આકાર અને સુંદરતા આપવા પણ ઉપયોગી છે.

આપણે વિવિધ પ્રકારના પદાર્થો ખોરાક સ્વરૂપે ખાઈએ છીએ. દરેક ખોરાકને સારી રીતે દળીને પેટમાં મોકલવો તે દાંતનું મુખ્યકાર્ય છે. ખોરાકના પહેલા નાના ટૂકડા કરવા પડે ત્યાર બાદ દળીને સૂક્ષ્મ બનાવવા પડે. માણસના આગલા દાંત પાવડા જેવા ચપટા હોય છે. તે ખોરાકને તોડવા કામ લાગે છે. અને ચાવતી વખતે બહાર નિકળી જતો અટકાવે છે. ત્યારબાદ બંને તરફ અણીદાર અને ગોળાકાર દાંત હોય છે. તે ખોરાકને તોડીને નાના ટૂકડા કરે છે. તમે કોઈ બદામ કે અખરોટ જેવો સખત પદાર્થ તોડવા માટે પણ આ દાંતનો ઉપયોગ કરો છો. છેલ્લે બેઠા ઘાટની ચપટી દાઢ હોય છે. તે ખોરાકને વધુ દળીને સૂક્ષ્મ બનાવે છે. આ દરમિયાન ખોરાકમાં લાળ પણ ભળે છે. જમવા બેસો ત્યારે વિવિધ આકારના દાંતના ઉપયોગનો અનુભવ કરી અવલોકન કરો.

વિશ્વની પ્રસિધ્ધ અને આકર્ષક કેનાલ્સ

કેનાલ્સ કે નહેર સિંચાઈ કે અન્ય હેતુ માટે બનાવેલો પાણીનો પ્રવાહ છે. વિશ્વમાં પનામા અને સુએઝ કેનાલ જાણીતી છે. પનામા એટલાન્ટિક અને પેસેફિક સમુદ્રને જોડતી ૮૦ કિલોમીટર લાંબી કેનાલ છે. તેમાં વર્ષે લગભગ ૧૪૦૦૦ જહાજો પસાર થાય છે. ઈજિપ્તની સુએઝ કેનાલ યુરોપ અને એશિયા વચ્ચે જળમાર્ગની ગરજ સારે છે. એન્જિનિયરિંગ અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને આ બે કેનાલ ઉપરાંત ઘણી કેનાલ વિશ્વ પ્રસિદ્ધ છે. વેનિસની ગ્રાન્ડ કેનાલ શહેરનો રાજમાર્ગ કહેવાય છે. અંગ્રેજી 'એસ" આકારની આ કેનાલ ૩૮૦૦ મીટર લાંબી છે.

નેધરલેન્ડનું આમ્સ્ટર્ડામ બીજુ વેનિસ કે તરતું શહેર છે. તેમાં ૧૭મી સદીમાં બંધાયેલી કેનાલો છે. ત્યાંની સિંગલ કેનાલમાં ફૂલબજાર ભરાય છે. ખેતીમાં સિંચાઈ માટે પણ કેનાલ બનાવાય છે. ચીનની પ્રાચીન ગ્રાન્ડ કેનાલ વિશ્વપ્રસિદ્ધ છે. વિશ્વની આ સૌથી જૂની કેનાલ છે અને આજે પણ ઉપયોગમાં લેવાય છે.

વિશ્વના વિજ્ઞાનીઓ એટમિક રિસોનન્સનો શોધક : આઈસીડોર રેબી

રેડિયો એક્ટિવ પદાર્થો સતત વિકિરણો પ્રસારિત કરતાં હોય છે. યુરેનિયમ, રેડિયમ, થોરિયમ, કાર્બન જેવા કેટલાક તત્વો રેડિયો એક્ટિવ હોય છે. આ પદાર્થોના અણુના કેન્દ્ર અસ્થિર હોય છે. તેમાં પ્રોટોનની સંખ્યા વધુ હોવાથી તે સ્થિર થવાનો પ્રયત્ન કરે છે. અને ઊર્જા બહાર ફેંકે છે. આ દરમિયાન અણુ સતત ધ્રુજારી અનુભવે છે.

ધ્રુજારીનો સમયગાળો સમાન હોય છે. ધ્રુજારીના સમયગાળાને એટમિક રિસોનન્સ કહે છે. તેની શોધ આઈસીડોર રેબી નામના વિજ્ઞાનીએ કરેલી. આ શોધ બદલ તેને ૧૯૪૪ માં સિઝિકલનું નોબેલ એનાયત કરવામાં આવ્યુ હતું. રેબીનો જન્મ ઈ.સ.૧૮૯૮ના જુલાઈની ૨૯ તારીખે પોલેન્ડના ગેલેશિયન ગામે થયો હતો. તેના જન્મ પછી તરત જ તેનો પરિવાર અમેરિકા જઈ વસેલો. રેબીએ કોર્નેલ યુનિવર્સિટીમાંથી બીએસસીની ડિગ્રી મેળવેલી. ઈ.સ.૧૯૨૭ માં નીલ બોહર જેવા અગ્રણી વિજ્ઞાનીઓ સાથે સંશોધનો કરીને તે પીએચડી થયો હતો. અભ્યાસ પુરો કરી તે કોલંબિયા યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે જોડાયો અને જીવનભર ત્યાં જ સેવા આપી. ઈ.સ.૧૯૪૮ માં તેણે એટમિક રિસોનન્સની શોધ કરી હતી. રેબીએ માસારયુસેટ્ટસ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજીમાં રડાર અને અણુ બોમ્બ પર સંશોધનો કરેલા. નાટોના સૈન્યમાં વિજ્ઞાની તરીકે સેવા આપેલી, ઈ.સ.૧૯૮૮ ના જાન્યુઆરીની ૧૧ તારીખે તેનું અવસાન થયેલું.

ઘડીયાળના કાંટા ફરવાની દિશા કેવી રીતે નકકી થઈ ?

ઘડિયાળ કાંટા ડાબેથી જમણી દિશામાં ફરતાં હોય છે. ઘડિયાળની શોધ થઈ ત્યારે કાંટા ફરવાની દિશા પણ નકકી થઈ હશે. પરંતુ તે ડાબેથી જમણી તરફ કેમ રાખવામાં આવી તે જાણો છો ? ઘડિયાળની શોધ પૃથ્વીના ઉતર ગોળાર્ધમાં થઈ હતી. ઘડિયાળની શોધ પહેલાં લોકો સમય જાણવા માટે સૂર્ય ઘડિયાળનો ઉપયોગ કરતા. તેમાં એક મેદાનની વચ્ચે ઊભેલા થાંભલાનો પડછાયો ફરે તેના આધારે સમય નકકી થતો. પૃથ્વીના ઉતર ગોળાર્ધમાં દક્ષિણ તરફ મોં રાખીને ઊભા રહો તો સૂર્યની ગતિ ડાબેથી જમણી દેખાય. એટલે ઘડિયાળની શોધ કરનારાએ તેના કાંટા ફરવાની દિશા પણ સૂર્યની દિશા સાથે રાખી.

પૃથ્વીના દક્ષિણ ગોળાર્ધમાં હિબ્રુ અને જયુઈસ ઘડિયાળોના કાંટા આજે પણ જમણેથી ડાબે એમ ઊંધી દિશામાં ફરતા હોય છે. ત્યાંની લિપિ પણ જમણેથી ડાબે વાંચવામાં આવે છે.

ડૂબકીમારનો અદ્‌ભૂત પોષાક : એકવાલંગ

દરિયાના તળિયે અદ્‌ભૂત જીવ સૃષ્ટિ, વનસ્પતિ અને શંખ, છીપ અને મોતીની સમૃદ્ધિ જોવા મળે છે. અવકાશના સંશોધનો કરવા જેમ અવકાશયાત્રીઓને મોકલાય છે તેમ દરિયાના તળીયે ડૂબકીમારો મોકલવામાં આવે છે. દરિયાના તળિયે હવાના અભાવ ઉપરાંત ડૂબકીમારના શરીર પર પાણીનું હજારો કિલો વજન પણ આવતું હોય છે. આ મુશ્કેલીઓનો સામનો કરવા માટે ડૂબકીમાર ખાસ પ્રકારના પોષાક પહેરીને દરિયાના તળીયે જાય છે. આ પોષાકને સ્કુબા કે એકવાલંગ કહે છે કેમ કે તેમાં શ્વાસ લેવા માટે ઓકિસજનની પણ સુવિધા હોય છે.

આ પોષાકનું કુલ વજન ૩૦ કિલો હોય છે. તેમાં દબાણપૂર્વક ભરેલા ઓકિસજનનું સિલિન્ડરને મોમાં પહેરવાના માસ્ક પારદર્શક કાચનો બનેલો હોય છે એટલે ડૂબકીમાર પોતાની આંખો ખુલ્લી રાખીને આસપાસ જોઈ શકે. ડૂબકીમાર સિલિન્ડરમાંથી શ્વાસ લે છે અને તેમાં ઉચ્છવાસમાં સમુદ્રમાં પાણીમાં પરપોટા બહાર જાય છે.

ઠંડા લોહીનું હિંસક પ્રાણી : મગર

મગર ઠંડા લોહીનું પેટે ચાલનારૂં પ્રાણી છે. તે પાણી અને જમીન એમ બંનેમાં રહી શકે છે. મગરના જડબાં ભીડવાની તાકાત બધા પ્રાણીઓ કરતાં વધુ છે. પંરતુ તે બંધ જડબું ઝડપથી ખોલી શકે નહીં મજબૂત બાંધાનો માણસ મગરનાં જડબાં હાથ વડે દબાવીને ખૂલતા રોકી શકે.

મગરની લગભગ ૧૪ જાત હોય છે. તે દોઢથી બે મીટર લંબાઈના હોય છે. મોટા ભાગના મગર તળાવ કે નદીના મીઠા પાણીમાં રહે છે. મગરની ચામડી સખત અને ખરબચડી હોય છે તેને પરસેવો થતો નથી.

મગરને ૮૦ દાંત હોય છે. દાંત પડી જાય તો નવા ઊગે છે. પ્રત્યેક દાંત જીવનભરમાં ૫૦ વખત પડીને નવા આવે છે.

મગર દૂરના અવાજો અને ગંધ ઓળખી શકે છે રાત્રે અંધારામાં પણ સારી રીતે જોઈ શકે છે. મગર ટૂંકા અંતર સુધી ઝડપથી દોડી શકે છે.

વિશ્વભરમાં ક્રોકોડાઈલ મગર જોવા મળે છે જયારે ચીન અને અમેરિકામાં એલિગેટર નામના કદાવર મગર હોય છે.

મગર માછલી અને નાના મોટા પ્રાણીઓનો શિકાર કરે છે. તે ખોરાક વિના લાંબો સમય જીવિત રહી શકે છે.

ઈન્ડિયન બ્લેક બક : કાળું હરણ

વનવગડાનાં પ્રાણીઓમાં હરણ સૌથી સુંદર અને નિર્દોષ પ્રાણી છે. હરણ ઘણી જાતના અને ઘણા રંગના જોવા મળે છે. ભારતમાં જોવા મળતા કાળા હરણ વિશ્વ પ્રસિદ્ધ છે. કાળા હરણ ૩૨ ઈંચ ઊંચાઈના હોય છે. તેની પીઠ કાળા રંગની રૂવાંટીવાળી હોય છે. દાઢી અને પગ પર સફેદ વાળ હોય છે. તેની આંખની આસપાસ સફેદ રંગનું કુંડાળુ હોય છે. માદા હરણ બદામી રંગના હોય છે. માદા હરણને શિંગડાં હોતા નથી. ઘાંસ અને નાના છોડ ખાનારૂં આ પ્રાણી બીકણ હોય છે અને ટોળામાં રહે છે. હરણ ભયભીત થાય ત્યારે ખૂબ જ ઝડપથી દોડી શકે છે. આ હરણ બાર વર્ષનું આયુષ્ય ભોગવે છે.

વાઘ અને સિંહનો હરણ પ્રિય શિકાર છે. કાળા હરણની વિશેષતા તેનાં શિંગડાં છે. નર કાળા હરણને ૨૮ ઈંચ લાંબા વળ ચડેલા આકર્ષક શિંગડા હોય છે.

કેન્દ્રીય બજેટ 2025-26: 50.65 લાખ કરોડનું બજેટ!

નાણામંત્રી નિર્મલા સીતારમણે 1 ફેબ્રુઆરી, 2025ના રોજ કેન્દ્રીય બજેટ 2025-26 રજૂ કર્યું. આ બજેટ ચાર પ્રાથમિક એન્જિન – કૃષિ, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs), રોકાણો અને નિકાસ દ્વારા આર્થિક વૃદ્ધિને વેગ આપવાનો હેતુ ધરાવે છે. સરકારે વિવિધ ક્ષેત્રોમાં સુધારાઓને પ્રાથમિકતા આપી છે, જેમાં સમાવેશકતા અને ટકાઉ વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેનો અંતિમ ધ્યેય 2047 સુધીમાં વિકસિત ભારત હાંસલ કરવાનો છે.

1. કૃષિ પહેલો

કઠોળમાં આત્મનિર્ભરતા: તુવેર/અરહર, અડદ અને મસૂર પર વિશેષ ભાર સાથે 6-વર્ષનું 'કઠોળમાં આત્મનિર્ભરતા માટેનું મિશન' જાહેર કરાયું.

મખાનાની ખેતીને પ્રોત્સાહન: બિહારને મખાના બોર્ડ મળશે, જેમાં FPOs (ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઇઝેશન્સ) ઉદ્યોગમાં સામેલ 10 લાખ લોકોને મદદ કરશે. તે મખાનાના ઉત્પાદન, પ્રક્રિયા અને માર્કેટિંગને વેગ આપશે.

'ગ્રામીણ સમૃદ્ધિ અને સ્થિતિસ્થાપકતા' કાર્યક્રમ: રાજ્યોના સહયોગથી શરૂ કરવામાં આવશે, જે વધુ સારી ગ્રામીણ રોજગારીની તકો માટે કૌશલ્ય તાલીમ, રોકાણો અને ટેક્નોલોજી પ્રદાન કરશે.

ઉચ્ચ ઉપજ આપતા બીજ મિશન:

ઉચ્ચ ઉપજ આપતા, જીવાત-પ્રતિરોધક અને આબોહવા-સ્થિતિસ્થાપક બીજોનું સંશોધન અને વિકાસ.

જુલાઈ 2024 થી વિકસાવવામાં આવેલી 100+ નવી બીજ જાતોની વ્યાવસાયિક ઉપલબ્ધતા.

કપાસ ઉત્પાદકતા મિશન: કપાસના ખેડૂતોને ટકાઉપણું અને ઉત્પાદકતા હાંસલ કરવામાં મદદ કરવા માટે 5-વર્ષની યોજના. તે વધારાના લાંબા સ્ટેપલ (ELS) કપાસની જાતોને પ્રોત્સાહન આપવામાં પણ મદદ કરશે.

મત્સ્ય વિકાસ: આંદામાન અને નિકોબાર અને લક્ષદ્વીપમાં ટકાઉ માછીમારી પ્રોજેક્ટ્સ.

ઈન્ડિયા પોસ્ટ ગ્રામીણ અર્થવ્યવસ્થા ઉત્પ્રેરક તરીકે: ઇન્ડિયા પોસ્ટ અને ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક મુખ્ય લોજિસ્ટિક્સ નેટવર્ક બનશે.

કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) લોન મર્યાદામાં વધારો: મોડિફાઇડ ઇન્ટરેસ્ટ સબવેન્શન સ્કીમ હેઠળ ₹3 લાખથી ₹5 લાખ સુધી.

નવી યોજના: PM ધન ધાન્ય કૃષિ યોજના (PMDDKY):

આ યોજના હાલની ખેતી યોજનાઓને જોડે છે અને રાજ્ય સરકારો સાથે મળીને કામ કરે છે.

તે 100 જિલ્લાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે જેમાં ઓછું ફાર્મ ઉત્પાદન, સરેરાશ પાક વિવિધતા અને સરેરાશથી ઓછી ખેતીની સ્થિતિ છે.

ઉદ્દેશ્યો:

ખેત ઉત્પાદનમાં વધારો

ખેડૂતોને ઇકો-ફ્રેન્ડલી પદ્ધતિઓનો ઉપયોગ કરીને વિવિધ પાક ઉગાડવા માટે પ્રોત્સાહિત કરવા

ગામડા અને જિલ્લા સ્તરે પાકો માટે સંગ્રહ સુવિધાઓમાં સુધારો કરવો

સિંચાઈ પ્રણાલીમાં વધારો કરવો

ખેડૂતો માટે લોન સરળતાથી ઉપલબ્ધ કરાવવી

આ કાર્યક્રમથી સમગ્ર ભારતમાં 1.7 કરોડ ખેડૂતોને લાભ થવાની અપેક્ષા છે.

આસામમાં નવો યુરિયા પ્લાન્ટ: વાર્ષિક ઉત્પાદન ક્ષમતા 12.7 લાખ ટન. 2019 થી આ 7મો નવો યુરિયા પ્લાન્ટ હશે.

2. MSMEs માટે સમર્થન

ઉચ્ચ રોકાણ અને ટર્નઓવર મર્યાદા: MSME વર્ગીકરણ રોકાણ અને ટર્નઓવર મર્યાદા અનુક્રમે 2.5 અને 2 ગણી વધારી.

ઉધારની ઉપલબ્ધતામાં વધારો:

માઇક્રો અને સ્મોલ એન્ટરપ્રાઇઝીસ: ક્રેડિટ ગેરંટી ₹5 કરોડથી વધીને ₹10 કરોડ થઈ.

સ્ટાર્ટઅપ્સ: ગેરંટી ₹10 કરોડથી વધીને ₹20 કરોડ થઈ.

નિકાસકાર MSMEs: ₹20 કરોડ સુધીની ટર્મ લોન.

કસ્ટમાઇઝ્ડ ક્રેડિટ કાર્ડ્સ: MSMEsને ₹5 લાખના ઉદ્યમ ક્રેડિટ કાર્ડ્સ મળશે (પ્રથમ વર્ષમાં 10 લાખ કાર્ડ્સ).

સ્ટાર્ટઅપ ફંડ ઓફ ફંડ્સનું વિસ્તરણ:

વધારાના ₹10,000 કરોડ.

સરકાર સમર્થિત વૈકલ્પિક રોકાણ ફંડ્સ (AIFs) એ સ્ટાર્ટઅપ્સ માટે ₹91,000 કરોડની પ્રતિબદ્ધતા દર્શાવી છે.

મહિલા, SC/ST ઉદ્યોગસાહસિકો માટે નવી યોજના: પ્રથમ વખત વ્યવસાય માલિકો માટે ₹2 કરોડની ટર્મ લોન.

રાષ્ટ્રીય ઉત્પાદન મિશન:

MSMEs અને મોટા સાહસો માટે મેક ઇન ઇન્ડિયા સપોર્ટ.

ક્લીન ટેક મેન્યુફેક્ચરિંગ (સોલાર પેનલ્સ, EV બેટરી, વિન્ડ ટર્બાઇન વગેરે) પર ધ્યાન કેન્દ્રિત કરવું.

આ મિશન ચીનના ક્લીન ટેક્નોલોજી પરના મજબૂત નિયંત્રણને ઘટાડવામાં પણ મદદ કરશે. હાલમાં, ચીન વિશ્વની 80% બેટરી બનાવે છે અને સોલાર સેલ માટે જરૂરી મુખ્ય ભાગોના 80% ઉત્પાદન કરે છે.

3. રોકાણો

જલ જીવન મિશનનું વિસ્તરણ: 2028 સુધી 100% પાણી પુરવઠા કવરેજ.

અર્બન ચેલેન્જ ફંડ:

શહેરોને સુધારવા માટે ₹1 લાખ કરોડનું ફંડ.

'શહેરો વૃદ્ધિ હબ તરીકે', ક્રિએટિવ રિડેવલપમેન્ટ, પાણી અને સ્વચ્છતાને આવરી લે છે.

ન્યુક્લિયર એનર્જી મિશન:

2047 સુધીમાં ઓછામાં ઓછી 100 GW ન્યુક્લિયર ક્ષમતા વિકસાવવી.

એટોમિક એનર્જી એક્ટ અને સિવિલ લાયબિલિટી ફોર ન્યુક્લિયર ડેમેજ એક્ટ જેવા કાયદાઓમાં ફેરફાર કરીને ખાનગી કંપનીઓને ન્યુક્લિયર એનર્જીમાં રોકાણ કરવા પ્રોત્સાહિત કરવા.

2033 સુધીમાં ઓછામાં ઓછા પાંચ નાના મોડ્યુલર રિએક્ટર (SMRs) લોન્ચ કરવા. આ કોમ્પેક્ટ, સલામત છે અને ન્યુક્લિયર પાવર જનરેશનના વિસ્તરણમાં મદદ કરશે.

જહાજ નિર્માણ વિકાસ (ચાલુ)

₹25000 કરોડનું મેરીટાઇમ ડેવલપમેન્ટ ફંડ ભારતમાં જહાજો બનાવવા અને અન્ય સમુદ્ર સંબંધિત પ્રોજેક્ટ્સ માટે લાંબા ગાળાના, ઓછા ખર્ચના નાણાકીય સમર્થન આપશે.

ટેક્નોલોજી અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરને સુધારવા માટે શિપબિલ્ડિંગ ક્લસ્ટર્સ.

પ્રાદેશિક હવાઈ કનેક્ટિવિટી (ઉડાન યોજના)

120 નવા સ્થળો.

પહાડી અને ઉત્તર પૂર્વ પ્રદેશો માટે હેલિપેડ્સ અને નાના એરપોર્ટ્સ.

ડીપ ટેક ફંડ ઓફ ફંડ્સ:

નેક્સ્ટ-જન સ્ટાર્ટઅપ્સમાં રોકાણો.

IITs/IISc માં 10,000 PM સંશોધન ફેલોશિપ્સ.

રાષ્ટ્રીય જીઓસ્પેશિયલ મિશન:

વધુ સારી યોજના અને શાસન માટે ડિજિટલ મેપિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર.

જ્ઞાન ભારતમ મિશન:

તે ભારતીય હસ્તપ્રતોના ડિજિટાઇઝેશન અને જાળવણીને સમર્થન આપે છે.

આ નવી પહેલને સમર્થન આપવા માટે, સરકારે નેશનલ મેનુસ્ક્રિપ્ટ્સ મિશન (NMM) નું બજેટ ₹3.5 કરોડથી વધારીને ₹60 કરોડ કર્યું છે.

4. નિકાસ પ્રોત્સાહન

નિકાસ પ્રોત્સાહન મિશન:

નિકાસને વેગ આપવા માટે ₹2,250 કરોડ ફાળવવામાં આવ્યા.

MSMEs માટે નિકાસ ધિરાણ, ક્રોસ-બોર્ડર ફેક્ટરિંગ અને બિન-ટેરિફ પગલાંને સરળ બનાવવા માટે સમર્થન.

આ પહેલને વાણિજ્ય, MSME અને નાણાં મંત્રાલયો સંયુક્ત રીતે ચલાવશે.

ભારત ટ્રેડનેટ:

વેપાર દસ્તાવેજીકરણ અને નાણાં માટે એકીકૃત ડિજિટલ પ્લેટફોર્મ.

તે વ્યવસાય કરવાની સરળતા સુનિશ્ચિત કરવા માટે આંતરરાષ્ટ્રીય શ્રેષ્ઠ પ્રથાઓને અનુરૂપ વિકસાવવામાં આવશે.

ટેક્સ સુધારાઓ

કરદાતાઓ

આવક વેરો મુક્તિ: ₹12 લાખ સુધીની આવક પર કોઈ ટેક્સ નહીં. સ્ટાન્ડર્ડ ડિડક્શન સાથે, પગારદાર વ્યક્તિઓ ₹12.75 લાખ સુધી ટેક્સ ફ્રી રહી શકે છે.

રિબેટ અને ટેક્સ બચત: ₹60,000ની રિબેટ અને ટેક્સ સ્લેબમાં ફેરફારના પરિણામે ₹1.1 લાખ સુધીની બચત થઈ શકે છે.

નવા કર સ્લેબ (આ કોષ્ટક નવું બનાવી દેવું)

રિટર્ન માટે એક્સ્ટેન્ડેડ ફાઇલિંગ: અપડેટેડ ટેક્સ રિટર્ન આકારણી વર્ષના અંતથી 48 મહિના સુધી ફાઇલ કરી શકાય છે.

TCS માટે થ્રેશોલ્ડમાં વધારો: વિદેશી રેમિટન્સ પર ટેક્સ કલેક્ટેડ એટ સોર્સ (TCS) માટેની થ્રેશોલ્ડ ₹10 લાખ સુધી વધારી દેવામાં આવી છે. લોનમાંથી શિક્ષણ માટેના રેમિટન્સ પર કોઈ TCS લાગુ થશે નહીં.

વરિષ્ઠ નાગરિકો માટે ટેક્સ મુક્તિ: 29 ઓગસ્ટ, 2024 પછી વરિષ્ઠ નાગરિકો દ્વારા નેશનલ સ્મોલ સેવિંગ્સ (NSS) એકાઉન્ટમાંથી ઉપાડ ટેક્સ-મુક્ત રહેશે.

રોકાણકારો

NPS ડિડક્શન: NPS વાત્સલ્ય યોજનામાં ચૂકવણી જૂની ટેક્સ રેજીમ હેઠળ NPS યોજનાની જેમ ₹50,000 ડિડક્શન માટે પાત્ર રહેશે.

વરિષ્ઠ નાગરિકો માટે બેંક વ્યાજ પર TDS: વરિષ્ઠ નાગરિકો માટે બેંક વ્યાજ પર TDS ત્યારે જ લાગુ થશે જો તે ₹1 લાખથી વધુ હોય. અન્ય લોકો માટે, થ્રેશોલ્ડ ₹50,000 સુધી વધારવામાં આવી છે.

ભારતીય મહિલા ટીમે રચ્યો ઈતિહાસ, પ્રથમ વખત ODIમાં 400થી વધુ રન બનાવ્યા

રાજકોટમાં આયર્લેન્ડ સામે રમાયેલી ત્રીજી ODIમાં ભારતીય મહિલા ટીમે વનડે મેચમાં રેકોર્ડ 435 રન બનાવી ઈતિહાસ સર્જ્યો છે.

ભારતીય મહિલા ટીમે આયર્લેન્ડ સામે 50 ઓવરમાં રેકોર્ડ 435 રન બનાવી ભારતીય પુરૂષ ટીમને પણ પાછળ પાડી દીધી છે.

ભારતીય પુરૂષ ટીમનો વનડે રન રેકોર્ડ 418 છે. 2011માં ઈન્દોરમાં વેસ્ટ ઈન્ડિઝ સામે ભારતીય પુરૂષ ટીમે આ રેકોર્ડ બનાવ્યો હતો.

આયર્લેન્ડ સાથેની સીરીઝમાં હરમનપ્રીત કૌરના સ્થાને કેપ્ટનશીપ કરી રહેલી મંધાનાએ 10મી સદી ફટકારી હતી.

મંધાનાએ મહિલા વનડે ક્રિકેટમાં ભારતીય બેટ્સમેન દ્વારા સૌથી ઝડપી સદી ફટકારવાનો હરમનપ્રીત કૌરનો રેકોર્ડ તોડ્યો હતો.

તે મહિલા વનડેમાં 10 કે તેથી વધુ સદી ફટકારનારી ચોથી ક્રિકેટર પણ બની છે.

કટોકટી દરમિયાન જેલમાં બંધ લોકોને મળશે માસિક 20,000 રૂપિયા પેન્શન

ઓડિશા સરકારે 1975 થી 1977 વચ્ચે કટોકટી દરમિયાન જેલમાં બંધ લોકોને માસિક 20,000 રૂપિયા પેન્શન આપવાની જાહેરાત કરી છે.

કટોકટી દરમિયાન મેઇન્ટેનન્સ ઓફ ઇન્ટરનલ સિક્યુરિટી એક્ટ (MISA) હેઠળ અટકાયતમાં લેવામાં આવેલા અને 1 જાન્યુઆરી, 2025 સુધી હજુ પણ જીવિત હોય તેવા વ્યક્તિઓને પેન્શન આપવામાં આવશે.

લાયક વ્યક્તિઓની ઓળખ કરવા માટે રાજ્ય અને જિલ્લા સ્તરે સમિતિઓની રચના કરી છે.

પાત્ર વ્યક્તિઓ કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટને પેન્શન માટે અરજી કરી શકે છે.

અરજીમાં કટોકટી દરમિયાન ધરપકડ સંબંધિત દસ્તાવેજો, ત્રણ સહ-અટકાયતીઓના નામ અને MISA હેઠળ તેની કેદની પુષ્ટિ કરતું સોગંદનામું શામેલ હોવું આવશ્યક છે.

કુડનકુલમ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ

રશિયન સરકારની માલિકીની કંપની રોસાટોમે તમિલનાડુના તિરુનેલવેલી જિલ્લાના કુડનકુલમમાં સ્થાપિત કુડનકુલમ ન્યુક્લિયર પાવર પ્લાન્ટના 6ઠ્ઠા અને અંતિમ એકમને વિશિષ્ટ જહાજ પર મોકલ્યું છે.

1988માં તમિલનાડુના કુડનકુલમમાં 6000 મેગાવોટના ન્યુક્લિયર પાવર પ્લાન્ટના નિર્માણ માટે ભારત સરકાર અને સોવિયેત યુનિયન વચ્ચે કરાર કરવામાં આવ્યો હતો. પાવર પ્લાન્ટમાં 1000 મેગાવોટ ક્ષમતાના 6 યુનિટ છે.

આ પ્રોજેક્ટ ત્રણ તબક્કામાં બનાવવામાં આવી રહ્યો છે. દરેક તબક્કામાં 1000 મેગાવોટના બે રિએક્ટર બનાવવામાં આવશે.

પ્રથમ તબક્કાના પ્રથમ બે રિએક્ટર કાર્યરત થઈ ગયા છે.

કેન્દ્રીય મંત્રીમંડળે "થર્ડ લોન્ચ પેડ"ની સ્થાપનાને મંજૂરી આપી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતે ISROના સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતે થર્ડ લોન્ચ પેડ (TLP) ની સ્થાપનાને મંજૂરી આપી.

ત્રીજા લોન્ચ પેડ પ્રોજેક્ટમાં ISROના નેક્સ્ટ જનરેશન લોન્ચ વ્હીકલ માટે શ્રીહરિકોટા, આંધ્રપ્રદેશ ખાતે લોન્ચ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થાપના અને શ્રીહરિકોટા ખાતે બીજા લોન્ચ પેડ માટે સ્ટેન્ડબાય લોન્ચ પેડ તરીકે સપોર્ટ કરવાની કલ્પના કરવામાં આવી છે.

TLP એવી રીતે ડિઝાઇન કરવામાં આવ્યું છે કે જે ફક્ત NGLV જ નહીં પરંતુ સેમિક્રિયોજેનિક સ્ટેજ તેમજ NGLV ના સ્કેલ અપ રૂપરેખાંકનોવાળા LVM3 વાહનોને પણ સપોર્ટ કરી શકે.

TLP 48 મહિના અથવા 4 વર્ષના સમયગાળામાં સ્થાપિત કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

કુલ ભંડોળની જરૂરિયાત રૂ.3984.86 કરોડ છે અને તેમાં લોન્ચ પેડ અને તેની સાથે સંકળાયેલ સુવિધાઓની સ્થાપનાનો સમાવેશ થાય છે.

આ પ્રોજેક્ટ ઉચ્ચ લોન્ચ ફ્રીક્વન્સીઝ અને માનવ અવકાશ ઉડાન અને અવકાશ સંશોધન મિશન હાથ ધરવા માટે રાષ્ટ્રીય ક્ષમતાને સક્ષમ કરીને ભારતીય અવકાશ ઇકોસિસ્ટમને વેગ આપશે.

2035 સુધીમાં ભારતીય અંતરિક્ષ સ્ટેશન (BAS) અને 2040 સુધીમાં ભારતીય ક્રૂ ચંદ્ર લેન્ડિંગનો સમાવેશ થાય છે,

તેને નવી પેઢીના ભારે લોન્ચ વાહનોની જરૂર છે જેમાં નવી પ્રોપલ્શન સિસ્ટમ્સનો સમાવેશ થાય છે, જે હાલના લોન્ચ પેડ્સ દ્વારા પૂર્ણ કરી શકાતી નથી

આગામી પેઢીના લોન્ચ વાહનોના ભારે વર્ગને પહોંચી વળવા અને SLP માટે સ્ટેન્ડબાય તરીકે ત્રીજા લોન્ચ પેડની ઝડપી સ્થાપના ખૂબ જ જરૂરી છે જેથી આગામી 25-30 વર્ષ સુધી વિકસતી અવકાશ પરિવહન જરૂરિયાતોને પૂર્ણ કરી શકાય.

ALP-01 ખાનગી લોન્ચ પેડ

અગ્નિકુલ કોસ્મોસે 28 નવેમ્બર 2022ના રોજ આંધ્રપ્રદેશના શ્રીહરિકોટામાં સતીશ ધવન સ્પેસ સેન્ટર (SDSC) ખાતે ભારતમાં પ્રથમ ખાનગી લોન્ચપેડ અને મિશન કંટ્રોલ સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું.

પેડને ધનુષ નામ મળ્યું છે અને તેને ALP-01 તરીકે ઓળખવામાં આવે છે.

INS સુરત, INS નીલગિરિ અને INS વાઘશીર દેશને સમર્પિત

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ મુંબઈમાં નેવલ ડોકયાર્ડમાં કાર્યરત થવા પર નૌસેનાનાં ત્રણ અગ્રિમ વૉરશિપ INS સુરત, INS નીલગિરિ અને INS વાઘશીર દેશને સમર્પિત કર્યા હતા.

પહેલી વાર બન્યું છે કે ડિસ્ટ્રોયર, ફ્રિગેટ અને સબમરીનનું ટ્રાઇ-કમિશનિંગ કરવામાં આવ્યું હોય.

INS સુરત

P15B ગાઇડેડ મિસાઇલ ડિસ્ટ્રોયર પ્રોજેક્ટનું ચોથું અને અંતિમ જહાજ INS સુરત વિશ્વના સૌથી મોટા અને અત્યાધુનિક ડિસ્ટ્રોયરમાં સ્થાન ધરાવે છે.

તેમાં 75 ટકા સ્વદેશી સામગ્રી છે અને તે અત્યાધુનિક હથિયાર-સેન્સર પેકેજીસ અને અદ્યતન નેટવર્ક-કેન્દ્રિત ક્ષમતાઓથી સજ્જ છે.

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) સોલ્યુશન્સથી સજ્જ ભારતનું પ્રથમ યુદ્ધ જહાજ છે.

INS નીલગિરી

P17A સ્ટીલ્થ ફ્રિગેટ પ્રોજેક્ટનું પ્રથમ જહાજ INS નીલગિરી, ભારતીય નૌકાદળના યુદ્ધજહાજ ડિઝાઇન બ્યુરો દ્વારા ડિઝાઇન કરવામાં આવ્યું છે અને તેમાં સંવર્ધિત અસ્તિત્વ, સીકીપિંગ અને સ્ટીલ્થ માટે અદ્યતન સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે સ્વદેશી ફ્રિગેટ્સની આગામી પેઢીને પ્રતિબિંબિત કરે છે.

તે સુપરસોનિક સરફેસ-ટુ-સર્ફેસ મિસાઇલો અને મધ્યમ રેન્જની સપાટીથી હવા મિસાઇલ્સ (MRSAM)થી સજ્જ છે.

INS વાઘશીર

P75 સ્કોર્પીન પ્રોજેક્ટની છઠ્ઠી અને અંતિમ સબમરીન INS વાઘશીર, સબમરીન નિર્માણમાં ભારતની વધતી કુશળતાનું પ્રતિનિધિત્વ કરે છે અને તેનું નિર્માણ ફ્રાન્સનાં નેવલ ગ્રૂપ સાથે જોડાણમાં કરવામાં આવ્યું છે.

ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિઆન્તો ગણતંત્ર દિવસ પર મુખ્ય અતિથિ

ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્તો 76માં ગણતંત્ર દિવસના મુખ્ય અતિથિ તરીકે ગણતંત્ર દિવસની ઉજવણીમાં હાજરી આપશે.

વર્ષ 2024માં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન મુખ્ય અતિથિ તરીકે આવ્યા હતા.

COVID-19 રોગચાળાને કારણે 2021 અને 2022 માં પ્રજાસત્તાક દિવસ પર કોઈ મુખ્ય અતિથિ નહોતા.

અવકાશમાં સફળતાપૂર્વક ડૉકિંગ કરનારો ચોથો દેશ : ભારત



ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન (ઇસરો) દ્વારા સ્પેસ ડોકિંગ એક્સપેરિમેન્ટ (સ્પાડેક્સ) મિશનની ડોકિંગ કામગીરી 16 જાન્યુઆરી, 2025 ના રોજ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી.

રશિયા, USA અને ચીન પછી ભારત અવકાશમાં ઉપગ્રહોને સફળતાપૂર્વક ડોક કરનારો ચોથો દેશ બન્યો છે.

ડોકિંગ પ્રક્રિયા અપવાદરૂપ ચોકસાઇથી ચલાવવામાં આવી હતી.

બે ભારતીય ઉપગ્રહો, SDX01 (ચેઝર) અને SDX02 (ટાર્ગેટ) નો ઉપયોગ કરીને પૃથ્વીની ઉપર 475-કિલોમીટરની ભ્રમણકક્ષામાં ડોકિંગ થયું હતું.

આ જટિલ maneuver માટે સ્વદેશી રીતે વિકસિત ભારતીય ડોકિંગ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ભારતનો પ્રથમ ખાનગી હાઇપરસ્પેક્ટ્રલ ઇમેજિંગ સેટેલાઇટ નક્ષત્ર

Google-સમર્થિત ભારતીય સ્પેસ સ્ટાર્ટ-અપ કંપની Pixxelના Firefly નામના તેના વાણિજ્યિક ઉપગ્રહ નક્ષત્રને લોન્ચ કરનાર પ્રથમ ભારતીય ખાનગી કંપની બની છે.

SpaceX રોકેટ વિશ્વનું પ્રથમ ભારતીય અવકાશ કંપની દિગંતારા દ્વારા બનાવવામાં આવેલ પૃથ્વીની આસપાસ ફરતા અવકાશ પદાર્થોની દેખરેખ માટેનો વ્યવસાયિક ઉપગ્રહ પણ લોન્ચ કર્યો.

પિક્સેલ અને દિગંતરા બંને ઉપગ્રહો એલોન મસ્કની કંપની સ્પેસએક્સ દ્વારા લોન્ચ કરવામાં આવ્યા હતા.

ઉપગ્રહોને સ્પેસએક્સના ટ્રાન્સપોર્ટર-12 રાઇડશેર મિશનમાં યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના કેલિફોર્નિયામાં વેન્ડેનબર્ગ સ્પેસ ફોર્સ બેઝ પરથી ફાલ્કન 9 રોકેટ પર લોન્ચ કરવામાં આવ્યા હતા.

Pixxel ના ફાયરફ્લાય નક્ષત્ર

બેંગલુરુ સ્થિત Pixxel કંપની વિશ્વના સૌથી વધુ રિઝોલ્યુશનવાળા હાઇપરસ્પેક્ટ્રલ સેટેલાઇટ નક્ષત્રનું નિર્માણ કરી રહી છે જેનું નામ ફાયરફ્લાય નક્ષત્ર છે.

ફાયરફ્લાય નક્ષત્રમાં શરૂઆતમાં છ ઉપગ્રહોનો સમાવેશ થાય છે જે બે તબક્કામાં લોન્ચ થવાના છે.

દિગંતરાનો SCOT સેટેલાઇટ

બેંગલુરુ સ્થિત સ્પેસ સ્ટાર્ટઅપ કંપની દિગંતારાએ પૃથ્વીની આસપાસ ફરતા અવકાશ પદાર્થોની દેખરેખ માટે વિશ્વનો પ્રથમ વ્યાપારી ઉપગ્રહ લોન્ચ કર્યો.

સ્પેસ કેમેરા ફોર ઓબ્જેક્ટ ટ્રેકિંગ (SCOT) નામના સેટેલાઇટનો ઉદ્દેશ સ્પેસ સેફ્ટી વધારવા અને સ્પેસ ટ્રાફિક મેનેજમેન્ટને ઑપ્ટિમાઇઝ કરવાનો છે.

SCOT ઉપગ્રહો વિશ્વનો પ્રથમ વ્યાપારી અવકાશ પરિસ્થિતિ જાગૃતિ ઉપગ્રહ છે.

PUZZLE

SPELLING WORD SEARCH

WALNUT
FLAW
LAWN
AUTHOR
ALWAYS
FAUCET
ALMOST
AWESOME
DRAWN
LAUNDRY
SMALL
SAUSAGE
BECAUSE
STRAW
AWNING
APPLAUSE
ALSO
FALSE

S	N	S	N	E	S	U	A	C	E	B	F	E	M
L	F	F	A	L	S	E	S	A	U	S	A	G	E
A	A	L	L	A	W	E	S	O	M	E	A	Y	M
U	S	L	A	A	A	A	L	F	H	M	L	I	L
N	A	A	U	T	H	O	R	A	L	A	D	O	Y
D	R	M	L	A	W	G	P	G	L	A	T	S	L
R	T	S	A	A	A	P	T	N	D	S	W	A	U
Y	E	E	L	G	L	S	L	I	R	O	W	O	N
L	U	N	C	A	S	A	N	N	A	L	A	W	N
W	U	N	U	U	O	E	W	W	W	E	U	D	L
T	W	S	L	G	A	A	A	A	N	S	A	L	G
W	E	W	N	W	O	F	S	L	W	A	R	T	S
E	U	A	T	S	O	M	L	A	D	A	A	A	Y
N	Y	N	M	A	L	W	A	Y	S	A	L	O	R

COMPETITION

CAN CAN MATHS PUZZLE

કેન કેન ઈન્ડિયા તરફથી રાષ્ટ્રીય સ્પર્ધા (મેથ્સ પઝલ)2025 અમદાવાદ ખાતે લેવાયેલ જેમા આપણી શાળાના ધોરણ 8 નો વિદ્યાર્થી રોશન ચંદ્રપાલને ગોલ્ડ મેડલ મળેલ છે તે બદલ શાળાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી શ્રી ડો. ડી. કે. વાડોદરિયાસર અને શાળા પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન

WELCOME CEREMONY

CHOPWELL PRIMARY SCHOOL

WELCOME CEREMONY

CHOPWELL PRIMARY SCHOOL

CLASSROOM VISIT

CHOPWELL PRIMARY SCHOOL

CLASSROOM VISIT

CHOPWELL PRIMARY SCHOOL

GARBA ACTIVITY

CHOPWELL PRIMARY SCHOOL

GARBA ACTIVITY

CHOPWELL PRIMARY SCHOOL

GAMES ACTIVITY

CHOPWELL PRIMARY SCHOOL

GAMES ACTIVITY

MEHANDI ACTIVITY

CHOPWELL PRIMARY SCHOOL

PRIMARY SECTION
CLASS ROOM VISIT

CHOPWELL
PRIMARY SCHOOL

PRIMARY SECTION CLASS ROOM VISIT

CHOPWELL PRIMARY SCHOOL

PRIMARY SECTION GAME ACTIVITY

CHOPWELL PRIMARY SCHOOL

PRIMARY SECTION GAME ACTIVITY

CHOPWELL PRIMARY SCHOOL

PRIMARY SECTION GAME ACTIVITY

CHOPWELL PRIMARY SCHOOL

SALAD MAKING COMPETITION

ENGLISH MEDIUM

SALAD MAKING COMPETITION

ENGLISH MEDIUM

FAREWELL

STD.10 AND 12

VASANT NA VADHAMNA FUNCTION

VASANT NA VADHAMNA FUNCTION

VASANT NA VADHAMNA FUNCTION

VASANT NA VADHAMNA FUNCTION

VASANT NA VADHAMNA FUNCTION

VASANT NA VADHAMNA FUNCTION

VASANT NA VADHAMNA FUNCTION

VASANT NA VADHAMNA FUNCTION

VASANT NA VADHAMNA FUNCTION

VASANT NA VADHAMNA FUNCTION

VASANT NA VADHAMNA FUNCTION

VASANT NA VADHAMNA FUNCTION

QUIZ

QUIZ

SCIENCE PROJECT

NATIONAL SCIENCE DAY



SCIENCE PROJECT

NATIONAL SCIENCE DAY



SCIENCE PROJECT

NATIONAL SCIENCE DAY

પંચશીલ સ્કૂલ

ઉપરના સોશ્યિલ મીડિયા આઇકન ઉપર કલીક કરી આપણી સ્કૂલ સાથે કનેક્ટ થઈએ